# કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ સંબંધિત મામલે નવી એફઆઈઆર દાખલ

**કોમનવેલ્થ કૌભાંડ મામલે એફઆઈઆરમાં શિલા દિક્ષીતના નામનો ઉલ્લેખ નથી : એફઆઈઆરમાં નામ ન હોવા છતાં તપાસ તેમના સુધી પહોંચે તેવી સંભાવના : સ્ટ્રીટ લાઈટની ખરીદીનો મામલો**

નવી દિલ્હી,તા. ૬

દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડના મામલામાં તપાસ હજુ પણ ચાલી રહી છે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકાર બહારથી તેને ટેકો આપી રહેલા કોંગ્રસ પાર્ટીના સભ્યો સાથે સંઘર્ષના મૂડમાં દેખાઈ રહી છે. કેજરીવાલ સરકારના નિર્દેશ પર આજે એસીબીએ કોમનવેલ્થ કૌભાંડ સાથે સંબંધિત એક મામલામાં નવી એફઆઈઆર દાખલ કરી હતી. આ મામલો સ્ટ્રીટ લાઈટોની ખરીદી સાથે જોડાયેલો છે. અલબત્ત એફઆઈઆરમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતના નામનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી



પરંતુ એમ માનવામાં આવે છે તે તપાસ તેમના સુધી પણ પહોંચી શકે છે. એવો આક્ષેપ છે કે આ લાઈટોની ખરીદીમાં નિયમોની ભારે અવગણના કરવામાં આવી હતી અને સરકારી ખજાનાને ૯૨ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવામાં આવ્યુ હતુ.

આ તપાસથી શિલા દિક્ષીત અને પૂર્વ પીડબલ્યુડી પ્રધાન રાજકુમાર ચૌહાણની મુશ્કેલીઓ વધી શકે છે. તત્કાલિન મુખ્યમંત્રી શિલા દિક્ષીતે આ પ્રોજેક્ટને મંજુરી આપી હતી. આ મામલામાં સુગલુ કમિટિના અહેવાલના આધાર પર એસીબીને એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સૂત્રોનું કહેવુ છે કે કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન નહેરુ સ્ટેડિયમની નજીક લોધી રોડ પર અતિ આધુનિક સ્ટ્રીટ લાઈટો મૂકવામાં આવી હતી. કોંગ્રેસ સરકારના આદેશ પર આ લાઈટોને દિલ્હી નગર નિગમ દ્વારા મૂકવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કેજરીવાલ સરકાર લોકાયુક્ત રિપોર્ટના આધાર પર શિલા દિક્ષીત સામે કાર્યવાહી કરવા રસ્તા શોધી રહી છે. શિલાની સામે કાર્યવાહી કરવા પ્રણવ મુખર્જીને પત્ર મોકલવામાં આવ્યો છે જેમાં ગેરકાયદે કોલોનીને નિયમિત કરવાનો તેમના પર આક્ષેપ મુકવામાં આવ્યો છે.

## મારૂતિની નવી હેચબેક કાર સેલેરિયો લોંચ થઈ

**સેમી ઓટોમેટિક વર્ઝનમાં ક્લચ રહેશે નહીં**




મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ આજે ગ્રેટર નોઈડામાં ચાલી રહેલા ઓટો એક્સપો ૨૦૧૪માં પોતાની નવી હેચબેક કાર સેલેરિયો લોન્ચ કરી દીધી હતી. સેમી ઓટોમેટિક ટ્રાન્સમિશનના વિકલ્પની સાથે સાથે આ કારની લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી હતી. આનું બુકિંગ થોડાક દિવસ પહેલા શરૂ કરવામાં આવ્યુ હતુ. આની કિંમત ૩.૯૦ લાખ રૂપિયા રાખવામાં આવી છે. આ કારની સીધી ટક્કર હ્યુન્ડાઈ આઈ-૧૦ સાથે થશે. આના તમામ વર્ઝન પેટ્રોલ એન્જીન રહેશે. કંપની ડિઝલ એન્જીન લાવવાનો ઈરાદો ધરાવતી નથી. સેલેરિયોમાં એન્જીન રહેશે પરંતુ આમાં ટ્રાન્સમિશનની પસંદગીનો વિકલ્પ રહેશે. મેન્યુઅલ અને સેમીઓટોમેટિક ટ્રાન્સમિશનમાં કોઈ એકની પસંદગી કરી શકાશે. મેન્યુઅલમાં પાંચ સ્પીડ ગેયર બોક્સ રહેશે જ્યારે સેમી ઓટોમેટિક વર્ઝનમાં ક્લચ રહેશે નહીં. ગેયર નોબ સેન્ટ્રલ સ્ટેટની નજીક રહેશે. ૮૩૦ કિલોની આ કારમાં એન્જીન વેગનાર વાળુ રહેશે જે એલ્યુમિનિયમથી બનેલું ૯૯૮ સીસી ત્રણ સિલિન્ડરવાળા પેટ્રોલ એન્જીનના છે.

**મોટોરોલા મોટો-જીની બજારમાં જોરદાર માંગ**

## ભારતમાં માત્ર એક દિવસમાં બીજી વાર સ્ટોક ખતમ થયો

નવી દિલ્હી,તા. ૬

ભારતમાં એક જ દિવસમાં બીજી વખત મોટરોલા મોટો-જીના સ્ટોક ખતમ થઈ જતા મોબાઈલ સંબંધિત કારોબારીઓમાં ભારે ઉત્સાહ જોવામળી રહ્યો છે. મોટોરોલા મોટો-જી સ્માર્ટ ફોન બુધવારના દિવસે ભારતમાં લોન્ચ કરવામાં આવ્યા બાદ તેનું વેચાણ હાલ ફલીપકાર્ટ પર જ ચાલી રહ્યુ છે પરંતુ કંપનીને પણ અપેક્ષા કરતા વધારે સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આનો સ્ટોક એક દિવસમાં બે વખત ખતમ થઈ ચુક્યો છે. ફલીપકાર્ટ પર અડધી રાત બાદ ૧૨.૦૦ વાગ્યે આનું વેચાણ શરૂ થયુ હતુ. માત્ર ૨૦ મિનિટના ગાળામાં જ ૧૬ જીબી વાળા મોટોજી વેચાઈ ગયા હતા. ત્યારબાદ આઠ જીબીવાળા મોટો જી પણ સંપૂર્ણપણે વેચાઈ ગયા હતા.

ફલીપકાર્ટે આજે બપોરે બાર વાગ્યે ફરી વેચાણ શરૂ કર્યુ હતુ. આશરે અડધા કલાક સુધી સાઈટ ક્યારે ખુલી અને ક્યારે ડાઉન થઈ હતી. અડધાકલાક બાદ ફોનનું વેચાણ શરૂ થયુ હતુ પરંતુ કવર પર ૭૦ ટકા રાહતની ઓફરના કારણે જલદી આઉટ ઓફ સ્ટોક થઈ ગયા હતા. એક કલાકની અંદર ૧૬ જીબી વાળા મોટો જી પણ વેચાઈ ગયા હતા. નિષ્ણાંત લોકોનું કહેવું છે કે આ ફોનની જોરદાર માંગ પણ જોવા મળી છે. મોટો જીના પ્રી ઓર્ડર લેવાની શરૂઆત પણ કરવામાં આવી હતી. આઠ જીબી વાળા મોટો જીની કિંમત ૧૨૪૯૯ અને ૧૬ જીબી વાળા મોટોજીની કિંમત ૧૩૯૯૯ રાખવામાં આવી છે.

## તેલંગાણા બિલને આજે કેબિનેટમાં રજુ કરાશે

નવી દિલ્હી,તા. ૬

કેન્દ્રિય કેબિનેટમાં આવતીકાલે મંજુરી માટે તેલંગાણા બિલને હાથ ધરવામાં આવશે આની સાથે જ સોમવારના દિવસે સંસદમાં આની રજુઆત માટેનો માર્ગ મોકળો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. અલબત્ત કેબિનેટની બેઠક યોજાઈ રહી છે પરંતુ કેટલાક કારણોસર આ મુદ્દે કોઈ નિર્ણય લઈ શકાયો નથી. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બેઠક આજે મળી હતી જેમાં સિમાન્ધ્ર અને તેલંગાણામાં પછાત પ્રદેશો માટે નાણાંકીય પેકેજના સંદર્ભમાં વિચારણા કરવામાં આવી હતી. જીઓએમે મુસદ્દા બિલમાં ઘણા ફેરફારોને મંજુરી આપી છે. હવે શુક્રવારના દિવસે મંજુરી માટે કેબિનેટ સમક્ષ રજુ કરવામાં આવશે. સરકાર સંસદમાં તેલંગાણા બિલ રજુ કરવા ઈચ્છુક છે. કેન્દ્રિયગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેનું કહેવું છે કે વર્તમાન સત્રના અંત પહેલા આને



રજુ કરવામાં આવશે. દરમિયાન સિમાન્ધ્રના સાંસદોએ સંસદની કામગીરીમાં ખલેલ પહોંચાડી હતી. ભાજપે પણ આ મુદ્દે તેમના સસ્પેન્સન સામે વાંધો ઉઠાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કોમવાદી હિંસા અટકાયત બિલ રાજ્યસભામાં બુધવારે ટળી ગયુ હતુ કારણ કે ભાજપના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ તેની રજુઆત સામે વાંધો ઉઠાવ્યો હતો અને આવા કોઈ પણ કાયદા ઘડી કાઢવાની કેન્દ્રની ક્ષમતા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેલંગાણા બિલને લઈને ગંભીર પ્રકારની સમસ્યા ઉભી થયેલી છે. તેલંગાણાને લઈને માત્ર યુપીએ સરકાર જ નહીં બલકે આંધ્ર સરકાર પણ ચિંતાતુર બનેલી છે. કેન્દ્રિય કેબિનેટે ગયા વર્ષે પાંચમી ડિસેમ્બરના દિવસે ૧૦ જિલ્લાઓ સાથે અલગ તેલંગાણા રાજ્યની રચનાની દરખાસ્તને મંજુરી આપી હતી. ત્યારબાદથી આને લઈને ભારે હોબાળો થયો રહ્યો છે. તેલંગાણા ગુંચને દૂર કરવા યુપીએ સરકાર દ્વારા પણ તમામ પ્રયાસ થઈ રહ્યા છે. લોકસભા ચૂંટણી પહેલા આ સમસ્યાને ઉકેલવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. આવનાર દિવસોમાં સમસ્યાને દૂર કરવાની બાબતને વધુ પ્રાથમિકતા અપાશે.

## કુલ ૫૮ નવા રાજ્યસભાના સભ્ય પૈકીના ૫૦ કરોડપતિ

નવી દિલ્હી,તા. ૬

રાજ્યસભાના ૫૮ નવા સભ્યો પૈકી ૫૦ સભ્યો પહેલાથી કરોડપતિ હોવાની વિગત સપાટી પર આવી છે. એસોશિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની માહિતી સપાટી પર આવી છ. એડીઆરના જણાવ્યા મુજબ ૫૮ નવ સભ્યોને તેમના પગારને લઈને ચિંતા નથી કારણ કે ૮૬ ટકા્ થવા તો તેમના પૈકી ૫૦ સભ્યો પહેલાથી જ કરોડપતિ છે. તેમની સરેરાશ સંપત્તિ ૪૪.૭૪ કરોડ રૂપિયા છે. વર્ષ ૨૦૧૩માં રાજ્યસભામાં જે કરોડપતિ હતા તેની સરખામણીમાં આ સંખ્યા વધારે છે. વર્ષ ૨૦૧૩માં ૨૨૭ સભ્યો પૈકી ૧૫૩ સભ્યોની સંપત્તિ કરોડથી વધારે હતી. વર્તમાન લોકસભામાં ૩૧૫ અથવા તો ૫૮ ટકા સભ્યો કરોડપતિ હોવાનુ જાણવા મળ્યું છે. એડીઆરે ૫૮ નવા તાજેતરમાં પોતે શપથ લેનર સભ્યોની એફિડેવિટના આધાર પર આ આંકડા જારી કર્યા છે. રાષ્ટ્રીય પક્ષોમાં પ્રતિ ઉમેદવાર સરેરાશ સંપત્તિ ભાજપના સભ્યોની છે. ભાજપના ઉમેદવારોની સંપત્તિ ૮૫.૩૬ કરોડની છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવારોની સંપત્તિ ૪૨.૩૨ કરોડની છે. એનસીપીના ઉમેદવારોની સંપત્તિ ૨૩.૦૨ કરોડ છે. આવી જ રીતે સીપીએમની ૨૧.૯૯ લાખ છે. છ અપક્ષ ઉમેદવાર સરેરાશ ૧૧૦.૬૮ કરોડની સંપત્તિ ધરાવે છે. સૌથી અમીર રાજ્યસભાના સભ્ય તરીકે ભાજપના રવિન્દ્ર કિશોર સિંહા છે. જે બિહારના છે. તેમની સંપત્તિ ૮૫૭.૧૧ કરોડની છે. જ્યારે સૌથી ગરીબ ઉમેદવારની વાત કરવામાં આવે તો તૃણૂમૂળના અહેમદ હસનનો સમાવેશ થાય છે.

## ૧૮૦ દેશોના લોકોને વીઝા ઓન એરાઈવલની સુવિધા

નવી દિલ્હી,તા. ૬

વીઝા વ્યવસ્થાને વધુ ઉદાર અને સરળ બનાવવાની દિશામાં મોટુ પગલુ લઈને ભારત સરકારે ૧૮૦ દેશોના લોકોને વીઝા ઓન એરાઈવલની સુવિધા આપવાનો નિર્ણય કર્યો છે. આ અંગેની દરખાસ્તને લીલીઝંડી આપી દેવામાં આવી છે. કેટલાક દેશો સિવાય તમામ દેશોના લોકોને ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશનની સુવિધા પણ આપવામાં આવનાર છે. જો કે સરકારે ખુબ સાવધાનીપૂર્વક હાલમાં આઠ અગાઉ ઉલ્લેખ કરવામાં આવેલા દેશોના લોકોને આ સુવિધા ન આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં પાકિસ્તાન, ઈરાન, શ્રીલંકા અને ચીનનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ઈટીએ)થી ઘરઆંગણે બેઠસીને વીઝા માટે વિદેશી પ્રવાસીઓ અરજી કરી શકશે અને પાંચ કારોબારી દિવસમાં જ ઓનલાઈન કન્ફર્મેશન મળી જશે. આયોજન પ્રધાન રાજીવ શુક્લાએ માહિતી આપતા કહ્યું છે કે અમે ૧૮૦ દેશોમાંથી આવતા પ્રવાસીઓને વીઝા ઓન એરાઈવલની સુવિધા આપવા માટનો નિર્ણય કર્યો છે. આ તમામ વ્યવસ્થાને અમલી બનાવવામાં પાંચ-છ મહિનાનો સમય લાગશે. ઓક્ટોબરથી શરૂ થતા આગામી પ્રવાસી સિઝનથી આ નવી વ્યવસ્થાને અમલી બનાવી દેવામાં આવશે. તેમણ કહ્યું હતું કે શરૂઆતમાં નવ વિમાનીમથક પર વીઝા ઓન એરાઈવલની વ્યવસ્થા રાખવામાં આવશે ત્યાર બાદ આને અન્યત્ર લંબાવી દેવામાં આવશે. જે નવ એરપોર્ટ પરથી પ્રાથમિક રીતે વીઝા ઓન એરાઈવલ અને ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશનની સુવિધા મળશે તેમાં દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, કોચિન, હૈદરાબાદ, ગોવા અને ત્રિવેન્દ્રમનો સમાવેશ થાય છે. ભારત હાલમાં ફિનલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર અને જાપાન જેવા ૧૧ દેશોના પ્રવાસીઓને વીઝા ઓન એરાઈવલની ઓફર કરે છે. આયોજન પંચ દ્વારા હાલમાં બોલાવવામાં આવેલી બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ગૃહ, વિદેશ અને પ્રવાસ મંત્રાલયના પ્રતિનિધીઓ સામેલ થયા હતા. પીએમઓના અધિકારીઓ સામેલ રહ્યા હતા.

## એઆઈ પ્રિમિયમ ઈકોનોમી ક્લાસ લાવવા માટે તૈયાર છે

નવી દિલ્હી,તા. ૬

એર ઈન્ડિયા બિઝનેસ ક્લાસની જેમ હવે વિમાનમાં પ્રિમિયમ ઈકોનોમી સેગમેન્ટ શરૂ કરવાની તૈયારીમાં છે. આ નવી યોજના હેઠળ પ્રથમ બે લાઈનોની સીટોને આ કેટેગરીમાં રાખવામાં આવશે. આ શ્રેણીમાં ટિકિટ મેળવનાર યાત્રીઓને વધારે સુવિધાઓ આપવાની હિલચાલ છે. એમ માનવામાં આવે છે કે આ નવી શ્રેણી આ મહિનામાં મધ્યથી શરૂ કરી દેવામાં આવશે. એર ઈન્ડિયાના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આ સુવિધા એ-૩૨૦ એરબસમાં શરૂ કરવામાં આવી રહી છે. આ વિમાનોમાં બિઝનેસ ક્લાસની સીટ હોતી નથી. પ્રિમિયમ ઈકોનોમી હેઠળ પ્રથમ બે લાઈનોની સીટને પ્રિમિયમ ઈકોનોમી તરીકે ગણવામાં આવશે. અને ત્રણ સીટ વચ્ચેની સીટને ખાલી રાખવામાં આવશે. આ રીતે ત્રણ સીટ માત્ર બે યાત્રીઓ માટે રહેશે. આ યાત્રીઓ માટે ભાડા પણ લઘુત્તમ બિઝનેસ ક્લાસના ભાડા જેટલા હોઈ શકે છે. પ્રિમિયમ ઈકોનોમી શ્રેણી માટે ટિકિટ લેનાર યાત્રીઓને ૨૦ કિલોના બદલે ૩૫ કિલો વજનના સામાન લઈ જવાની મંજૂરી રહેશે. પેસેન્જર બિઝનેસ ક્લાસ લાઉન્જનો ઉપયોગ કરી શકશે. આ રીતે વિમાનોમાં તે પોતાના પસંદગીના ભોજનની મજા પણ માણી શકશે. તેમને વાચવા માટે સામગ્રી પણ આપવામાં આવશે. વેલકમ ડ્રિંક્સ પણ આપવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે આ શ્રેણીની શરૂઆત સૌથી પહેલા દિલ્હી-ગુવાહાટી ઈમ્ફાલ સેક્ટરથી થઈ શકે છે. ત્યારબાદ પરિસ્થિતીને ધ્યાનમાં લઈને અન્ય સેક્ટરમાં આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના પાસા પર વિચારણા કરવામાં આવનાર છે. એર ઈન્ડિયા વિમાની યાત્રીઓને વધારે સારી સુવિધા મળે તે યોજના સાથે આ વર્ગની શરૂઆત કરનાર છે. આ પ્રકારની સેવા બાદ સ્પર્ધા અન્યો વચ્ચે વધે તેવી વકી છે. જેથી વિમાની યાત્રા કરતા વિમાની યાત્રીઓને ફાયદો થશે.

## પ્રિયંકા રાહુલ ગાંધીના વોર રૂમના ઈન્ચાર્જ : અહેવાલ


નવી દિલ્હી,તા. ૬

કોંગ્રેસના ઉપપ્રમુખ અને પોતાના ભાઈ રાહુલ ગાંધીની રાજકીય બાબતોમાં પ્રિયંકા વાઢેરાની ભૂમિકા સતત વધી રહી હોવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રિયંકાએ હવે રાહુલ ગાંધીના વોર રૂમના ઈન્ચાર્જ તરીકેની જવાબદારી સંભાળી લીધી છે. લોકસભાની ચૂંટણી માટે પ્રચાર સહિતની અનેક બાબતોને પ્રિયંકા હવે પરદાપાછળથી સંભાળી રહ્યા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પ્રિયંકા હવે રાહુલના નિવાસસ્થાન ૧૨ તુગલક લેન ખાતે સતત જોવા મળે છે. રાહુલના નિવાસસ્થાનને હાલમાં કોંગ્રેસના પ્રચારના મુખ્ય કેન્દ્ર તરીકે પણ ગણવામાં આવે છે. પ્રિયંકા નિયમિત અને દરરોજ બેઠકો યોજી રહી છે. કોંગ્રેસ પાર્ટીની યોજનાઓને આખરી ઓપ આપવામાં તે લાગેલી છે. સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા સક્રિય રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા નથી પરંતુ હમેંશા ચૂંટણીમાં મર્યાદિત



ભૂમિકા અદા કરે છે. રાઈબરેલી, અમેઠી, સુલતાનપુર અને અન્ય વિસ્તારોમાં પરિવારના મામલે પ્રિયંકા હમેંશા સક્રિય રહે છે. હવે પ્રિયંકા રાહુલ ગાંધીની ઓપિસના એક અખંડ ભાગ તરીકે બની ગઈ છે. એવા સંકેત મળી રહ્યા છે કે પ્રિયંકા આવનાર દિવસોમાં કેટલીક મોટી યોજનાઓની વાત કરી શકે છે. પ્રિયંકા પર હવે કોંગ્રેસના નેતાઓની નજર પણ કેન્દ્રિત થઈ ગઈ છે. પ્રિયંકા પણ કાર્યકરોને જરૂરી માર્ગદર્શન આપી રહી છે. પ્રિયંકા હાલમાં મુખ્યરીતે પક્ષના જુના જોગીઓ અને કોંગ્રેસના નવા યુવા નેતાઓ વચ્ચે વધારે સારા સંકલન માટે કામ કરી રહી છે. તમના રોલને લઈને રાહુલ પણ ખુશ છે. રાહુલે તાજેતરમાં એક મુલાકાત આપી ત્યારે તેમની સાથે બહેન પ્રિયંકા પણ રહી હતી.

છેલ્લા એક દશકમાં રાહુલ ગાંધી એક શક્તિશાળી નેતા તરીકે ઉભરી ચુક્યા છે. રાહુલની કેટલીક મોટી બેઠકમાં પ્રિયંકા હાજરી પણ આપી ચુકી છે. વર્ષ ૨૦૧૪માં કોંગ્રેસના પ્રચારની જવાબદારી રાહુલને સોંપવામાં આવી છે ત્યારે હવે પ્રિયંકા પણ વધારે સક્રિય થઈ છે.



મુંબઈમાં યોજાયેલ ખાસ સમારોહમાં સ્ત્રી સશક્તિકરણ અને બેટી બચાવોના અભિયાનના લાભાર્થે ભારતીય ડ્રેસ ડિઝાઈનર મનીશ મલ્હોત્રા દ્વારા તૈયાર કરાયેલા વસ્ત્રો પરિધાન કરી ફિલ્મની જાણીતી અભિનેત્રીઓ માધુરી દિક્ષીત, પ્રિતી ઝિન્ટા અને લારા દત્તાએ ફેશન શોમાં પ્રદર્શિત કર્યા હતાં.

## યુદ્ધવિરામના ભંગના બનાવમાં ઘટાડો થયો


સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ આજે કહ્યુ હતુ કે અંકુશરેખા પર પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામના ભંગના બનાવમાં હવે ઘટાડો થયો છે. બંને દેશો વચ્ચે ડીજીએમઓ સ્તરની વાતચીત થયા બાદ અંકુશરેખા પર પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામના ભંગના બનાવમાં ઘટાડો થયો છે જો કે વાસ્તવિક ચિત્ર ઉનાળામાં જ જાણી શકાશે. નવી દિલ્હીમાં ડેફએક્સપો ખાતે મિડિયા સાથે વાતચીત કરતા એન્ટોનીએ કહ્યુ હતુકે પાકિસ્તાની સૈનિકો દ્વારા યુદ્ધવિરામનો ભંગ તાજેતરના વર્ષોમાં સતત કરવામાં આવ્યો છે પરંતુ હવે યુદ્ધવિરામના ભંગના કિસ્સામાં ઘટાડો થયો છે. ૨૦૧૨ની સરખામણીમાં ગયા વર્ષે યુદ્ધવિરામના ભંગમાં એકાએક તીવ્ર વધારો થયો હતો પરંતુ ડિરેક્ટર જનરલ ઓફ મિલિટ્રી ઓપરેશન (ડીજીએમઓ) સ્તરની વાતચીત યોજાયા બાદ યુદ્ધવિરામના ભંગના કિસ્સામાં ઘટાડો થયો છે.

**અરૂણાચલના વિદ્યાર્થીના મોત બાદ નિર્ણય કરાયો**

## ઉત્તરપૂર્વના લોકોની પીડાને દૂર કરવા સમિતીની રચના

નવી દિલ્હી,તા. ૬

કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે અને ઉત્તરપૂર્વના સાંસદો સાથે વાતચીત કરી હતી. ઉત્તરપૂર્વના લોકો અને વિદ્યાર્થીઓને સતામણીનો સામનો ન કરવો પડે તે હેતુસર આ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ વાતચીત કર્યા બાદ સરકારે તરત જ ઉત્તરપૂર્વના લોકોની ચિંતાને દૂર કરવાના હેતુસર એક પેનલની રચના કરવાની તૈયારી કરી લીધી હતી. સરકારે આ કમિટીની રચના કર્યા બાદ તે તેમની ચિંતાઓને દૂર કરવા ઝડપી પગલા સૂચવશે. ગાંધી સમક્ષ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનાર ઉત્તરપૂર્વિય રાજયો માટેના આઆઈસીસીના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ એલ ફલેરિયોએ કહ્યુ હતુ કે કોંગ્રેસના ઉપપ્રમુખ માત્ર અરૂણાચલના વિદ્યાર્થી નિડોના કેસમાં ન્યાય મળે તેમ જ ઈચ્છતા



નથી બલકે ઉત્તરપૂર્વના લોકો સાથે પક્ષપાતનો અંત આવે તેમ પણ ઈચ્છે છે. ૧૯ વર્ષીય વિદ્યાર્થી તાનિયામને હાલમાં જ લાજપતનગરમાં કેટલાક દુકાનદારોએ માર મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો ત્યારબાદથી આ મુદ્દાને લઈને દેશભરમાં હોબાળો મચેલો છે. ફલેરિયોએ કહ્યુ હતુ કે ગૃહમંત્રાલય દ્વારા છ સભ્યની સમિતિની રચના કરવામાં આવી ચુકી છે. આનું નેતૃત્વ નિવૃત્ત આઈએએસ ઓફિસર એમબી બેજ બરુઆ કરશે. આ સમિતિ હિંસા અને હુમલાઓ તથા ઉત્તરપૂર્વના લોકો સામે પક્ષપાત પાછળના હિતોમાં ધ્યાન આપ્યા બાદ બે મહિનામાં અહેવાલ આપશે. બેજ બરુઆના નેતૃત્વમાં કમિટીમાં અન્ય ટોચના અધિકારીઓને પણ સામેલ કરવામાં આવે છે. બેજ બરુઆ નોર્થ ઈસ્ટ કાઉન્સિલના સભ્ય પણ છે. દિલ્હી પોલીસના જોઈન્ટ કમિશનર રોબિન હિબુ પણ ગૃહમંત્રાલયની ટીમમાં રહેશે જે આ કમિટીની મદદ કરશે. આજના ઘટનાક્રમને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ઉત્તરપૂર્વના વિદ્યાર્થીઓએ આજે પણ હિંસક દેખાવો કર્યા હતા. જંતરમંતર ખાતે વિરોધ પ્રદર્શન થયા હતા.

## શીખ વિરોધી હિંસામાં હવે સીટ દ્વારા તપાસને મંજુરી

નવી દિલ્હી,તા. ૬

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સરકારની કેબિનેટે વર્ષ ૧૯૮૪ના શીખવિરોધી રમખાણોમાં એસઆઈટી તપાસને મંજુરી આપી દીધી છે. કેબિનેટની મંજુરી મળી ગયા બાદ એસઆઈટીની રચના માટે દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગની પાસે ભલામણ મોકલવામાં આવશે. આજે દિલ્હી સરકારની કેબિનેટની બેઠક મળી હતી જેમાં એસઆઈટી તપાસ પર મંજુરીની મહોર મારવામાં આવી હતી. આ બેઠકમાં તપાસ માટે શરતો પણ મુકવામાં આવી હતી. બેઠક બાદ દિલ્હી સરકારના શિક્ષણ પ્રધાન મનિષ સિસોદિયાએ કહ્યુહતુ કે એએપી સરકારે સીટ તપાસને મંજુરી આપી દીધી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે અમારી એવી ભલામણ છે કે ૧૯૮૪ના રમખાણોમાં સીટ દ્વારા તપાસ કરવામાં આવે. આ ટીમમાં દિલ્હી પોલીસના કોઈ પણ અધિકારી હોવા જોઈએ નહીં કારણ કે આ સમગ્ર મામલામાં દિલ્હી પોલીસની ભૂમિકા પણ શંકાસ્પદ રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે રમખાણ સાથે સંબંધિત ૨૮૧ બંધ પડેલી ફાઈલોને ફરી ખોલવામાં આવશે.

**અક્ષયપાત્ર** (પાના નં. ૪ નું ચાલુ)

જિંદગીના એક પડાવ પર, સમયનો કરોળિયો ચહેરા પર કરચલીનું જાળું ગૂંથે છે. દૃષ્ટિ ઝંખવાતી જાય છે ને કાને ઓછું સંભળાય છે, પણ પસાર કરેલો સમય વ્યર્થ નથી જતો. શરીર વૃદ્ધ થવા સાથે અનુભવોના ભાથામાં વૃદ્ધિ થતી જાય છે, જે પરિપક્વતા રૂપે એનકેશ થાય છે. એટલું જ નહીં, આ જન્મમાં એકત્રિત કરેલું જ્ઞાન અને અનુભવોનું ભાથું હવે પછીના જન્મોમાં પણ કામ લાગવાનું હોય છે. પ્રતિ જન્મે ઉપરનાં ધોરણ પ્રવેશ મળતો જાય છે. અનંત ભણીને યાત્રા ચાલતી રહે છે, જેનો માર્ગ પરમની પ્રાપ્તિનો છે. આપણું-મારું, તમારું સૌનું એ ફાઈનલ ડેસ્ટિનેશન - અંતિમ ગંતવ્ય છે.